ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૬/૨૫૦૮-૫૮૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૨૧/૦૧/૨૦૨૬

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬' ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભઃ- ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ જીએસ ડીએમએ/શાળા સલામતી સપ્તાહ/૮૦૮૩૯૪૩/૨૦૨૬, તા.૨૧/૦૧/૨૦૨૬

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં બહુવિધ આપત્તિઓનું જોખમ રહેલું છે. જેમાં મુખ્યત્વે ભૂકંપ, વાવાઝોડું, પૂર, ઔદ્યોગિક અકસ્માત, આગ અકસ્માત ઇત્યાદિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્યમાં શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકેલ છે.

GSDMA દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી તા. ૨૭/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬ ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.

'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬'નો શુભારંભ તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ સમય સવારે ૧૧:૦૦ કલાકે BISAG, ગાંધીનગરથી કરવામાં આવનાર છે. જેનું સીધું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નં. ૦૧ ઉપરથી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા કરવામાં આવશે.

ઉક્ત કાર્યક્રમમાં On Line ઉપસ્થિત રહેવા તેમજ વધુમાં વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ આ પ્રસારણ નિહાળે તે બાબતે સંદર્ભિત પત્રને ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

જિ. શિ. અ. કચેરી, પંચમહાલ
પત્રની નોંધણી નંબર 250
તારીખ 23/1/26

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

**નકલ સવિનય રવાના ...**
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, બ્લોક નં. ૧૧,૫મો માળ, ઉદ્યોગભવન ગાંધીનગર-૩૮૨૦૧૭

Scanned with CamScanner

જા.નં.ક–૩/૫૨૨/૨૦૨૫–૨૬/ ૬૩૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા તા.૨૭/૦૧/૨૦૨૬

૨/– જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, (તમામ)
જિ.વડોદરા.

<u>નકલ રવાના : (જાણ તથા અમલવારી સારું.)</u>
– શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) સદર કચેરી.

Scanned with CamScanner

GSDMA

# ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧,૫મો માળ,ઉદ્યોગભવન,ગાંધીનગર-૩૮૨૦૧૭
ટે.નં.: -૦૭૯- ૨૩૨૫૯૨૭૮,૨૩૨૫૯૨૪૬
ફેક્સ: -૦૭૯- ૨૩૨૫૯૨૭૫

જીએસડીએમએ/શાળા સલામતી સપ્તાહ/૯૦૮૯-૭૩/૨૦૨૬
તા. ૨૨/૦૧/૨૦૨૬

પ્રતિ
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર

**વિષય: 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬' ની ઉજવણી કરવા બાબત.**

ગુજરાત રાજ્યમા બહુવિધ આપત્તિઓનું જોખમ રહેલું છે. જેમાં મુખ્યત્વે ભૂકંપ, વાવાઝોડું, પૂર, ઔદ્યોગિક અકસ્માત, આગ અકસ્માત ઇત્યાદિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્યમાં શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકેલ છે.

GSDMA દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી **તા. ૨૭/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.**

**'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૬'નો શુભારંભ તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ સમય સવારે ૧૧:૦૦ કલાકે BISAG, ગાંધીનગરથી કરવામાં આવનાર છે. જેનું સીધું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નં. ૦૧ ઉપરથી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા કરવામાં આવશે.**

સબબ, BISAG, ગાંધીનગર ખાતે ઉક્ત મુજબના કાર્યક્રમમા સવારે ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેવા તથા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓને ઉક્ત કાર્યક્રમમાં On Line ઉપસ્થિત રહેવાની જાણ કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

નિયામક,વહીવટ
ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

**નકલ રવાના:**

(૧) પીએ ટુ અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ....માન. અગ્ર સચિવશ્રીના ધ્યાને મુકવા સારૂ
(૨) પીએ ટુ સીઈઓ....માન. સીઈઓશ્રીના ધ્યાને મુકવા સારૂ.
(3) નિયામકશ્રી- DM

Scanned with OKEN Scanner

Scanned with CamScanner